આરબીઆઈ/2004-05/468
રેફ. નં. . સી ઓ. 15.02.001/ એમ-9593-9615/ 2004-

14 મે, 2005
ચૈત્ર 23, 1927 (એસ)

પ્રતિ,
મુખ્ય પ્રબંધક શ્રી,
સરકારી વિતીય વિભાગો,

એસબીઆઈ તથા તેના એસોસિયેટસ, અલાહાબાદ બેન્ક/ બેન્ક ઓફ બરોડા/ બેંક ઓફ ઈન્ડિયા/ બેન્ક ઓફ મહારાષ્ટ્ર/ કેનેરા બેંક/ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા/ કોર્પોરેશન બેન્ક/ દેના બેંક/ ઈન્ડિયન બેંક/ ઈન્ડિયન ઓવરસિઝ બેન્ક/ પંજાબ નેશનલ બેંક/ સિંડીકેટ બેંક/ યુકો બેંક/ યુનિયન બેંક ઓફ ઈન્ડિયા/ યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા.

સાહેબશ્રી,

**પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, 1968માં સુધારાઓ.**

આ સાથે અમો વિત્ત વિભાગ, ભારત સરકાર, નવી દિલ્હી દ્વાતા તા. 13 મે, 2005ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામા ક્રમાંક જીએસઆર (ઇ)ની નકલ બીડીએ છીએ. આ હેઠળ પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, 1968ની જોગવાઈઓમાં અમુક સુધારાઓ કરવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

(i) ફકરા (3)નો ઉપ-ફકરા (2) કાઢી નાંખવો.

(ii) ફકરા (12)નો ઉપ ફકરા (1) માંની નોંધ કાઢી નાંખવી.

(iii) ફોર્મ એ માં

(એ) `પોતાના નામનું ખાતુ / માઇનોર / એચયુએફ /અસોશીએસન' શીર્ષકને બદલી `પોતાના નામનું ખાતુ / માઇનોર કરવું.

(બી) ફકરા (ii) માંના શબ્દો `અથવા એચયુએફ અથવા એસોશીએસન વ્યકિતનું મંડળ' ને કાઢી નાખવું.

(સી) ફકરા (iii)ની વિગતો અંતર્ગત ક્રમાંક 3 તથા 4 અને ઉપરોક્તને લગતી બાકીની તમામ વિગતો કાઢી નાંખવી.

(ડી) ફકરા (iv)ના ઉપફકરા (બી) તથા (સી) કાઢી નાંખવા.

(ઇ) નોંધ ક્ર.1ને પણ કાઢી નાંખવો.

2. પીપીએફ સ્કીમ - 1968 માં કરાયેલ આ સુધારાઓ 13 મે, 2005 થી લાગુ પડશે. આપને આપની તમામ શાખાઓને તથા લાગતા-વળગતા તમામ કાર્યાલયોને ઉપરોક્ત પ્રમાણે સૂચના આપવી. આ સુધારાઓ તમામ શાખાઓ પરના નોટિસ બોર્ડસ પર મૂકવાની સૂચના આપવામાં આવે છે. જેથી પીપીએફ ખાતેદારોને તેની યોગ્ય જાણ થાય.

3. આ પત્ર મળ્યાની યોગ્ય જાણ કરશો.

આપનો વિશ્વાસુ

ડી. રાજગોપાલરાવ
ઉપ મુખ્યપ્રબંધક